જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ) ની કચેરી
જિલ્લા સેવા સદન કેમ્પસ, જુની કોર્ટ બિલ્ડીંગમાં,નાનપુરા, સુરત
ફોન/ફેક્સ :૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail : d.dirsurat@gmail.com

નં.જિનાનિ/વિ.જા/શિક્ષણ/૨૦૨૧-૨૨/ તા.૧૪/૦૭/૨૦૨૧

તાત્કાલીક /સમય મર્યાદા ડિજિટલ ગુજરાત પોર્ટલ

પ્રતિ,

આચાર્યશ્રી,

(૧) કોલેજ– તમામ,જિ. સુરત.

(૨) સરકારી આઇ.ટી.આઇ. – તમામ,જિ.સુરત.

(૩) ઉચ્ચતર માધ્યમિક શાળા – તમામ,જિ.સુરત .

વિષય:- વર્ષ:૨૦૧૭-૧૮ થી ૨૦૨૦-૨૧ સુધીના વર્ષની શિષ્યવૃત્તિ/સહાયથી બાકી રહેલ વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત ન રહી જાય તે હેતુથી ઓનલાઇન Digital Gujarat Portal પર પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓની બાકી રહેલ કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવા બાબત. (https://www.digitalgujarat.gov.in)

સંદર્ભ :-(૧) વડી કચેરીના તા.૧૮/૦૨/૨૧ ના પત્ર ક્રમાંક/વિજાક/શિક્ષણ/૨૦-૨૧/૩૫૬૬-૩૫૯૭.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, :૨૦૧૭-૧૮ થી ૨૦૨૦-૨૧ સુધીના વર્ષની શૈક્ષણિક સત્ર દરમ્યાન ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/કોલેજો/યુનિવર્સિટીઓ/આઇ.ટી.આઇ./સંસ્થાઓમાં અભ્યાસ કરતાં સા.શૈ.પ.વ., આર્થિક રીતે પછાત વર્ગ, વિચરતી વિમુકત જાતિ અને લઘુમતીના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક સવલતો મંજૂર કરવા બાબતે અગાઉ આપને વિગતવાર જાણ કરવામાં આવેલ હતી. તેમજ સરકારશ્રી મારફત વિકસતી જાતિના પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત રહી ન જાય તે હેતુથી શૈક્ષણિક વર્ષ:૨૦૨૦-૨૧ માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર જુદી-જુદી પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓના ફોર્મ ભરી શકાય તે માટે <u>તા.૦૧/૦૫/૨૦૨૧ થી તા.૨૦/૦૫/૨૦૨૧</u> સુધી ઓનલાઇન પોર્ટલ ફરીથી ઓપન કરવામાં આવેલ હતું અને શાળા/કોલેજ/સંસ્થા દ્વારા ઓનલાઇન ચકાસણી કરી <u>તા.૨૪/૦૫/૨૦૨૧</u> સુધીમાં ઓનલાઇન ફોરવર્ડ કરવાની સૂચનાઓ ડીજીટલ ગુજરાત પોર્ટલ પર મૂકવામાં આવેલ હતી. તેમ છતાં જિલ્લાની ઘણી બધી શાળા/કોલેજ/સંસ્થાઓની પ્રિન્સીપાલ લેવલે ઓનલાઇન કામગીરી હજુ પણ બાકી છે. તો આવા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની દરખાસ્તની તાત્કાલિક ચકાસણી કરી શિષ્યવૃત્તિથી બાકી રહેલ તમામ વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્ત તા.૩૧/૦૭/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરી તમામ લેવલેથી ઓનલાઇન અરજીઓ અત્રેની કચેરીને ઓનલાઇન ફોરવર્ડ કરવા આપશ્રીને નમ્ર વિનંતી છે. <u>**ઓનલાઇન અરજીની ચકાસણી સમયે જે-તે વિદ્યાર્થી આપની શાળા/કોલેજ/સંસ્થામાં અભ્યાસ કરે છે કે કેમ તેમજ વિદ્યાર્થીએ ઓનલાઇન દર્શાવેલ અભ્યાસક્રમ અને વિદ્યાર્થીના બેંક ખાતાને લગતી તમામ વિગતોની ચોકસાઇ પૂર્વક ખાત્રી કર્યા બાદ જ અત્રેની કચેરીને ઓનલાઇન ફોરવર્ડ કરવાની રહેશે.**</u> જો ઉક્ત બાબતે કોઇપણ પ્રકારની ખોટી માહિતી રજૂ કરેલ હશે અને તેના આધારે શિષ્યવૃત્તિનું ચૂકવણું થશે તો તેની તમામ જવાબદારી શાળા/કોલેજ/સંસ્થામાં ના આચાર્યશ્રીની રહેશે અને એકવાર ઓનલાઇન ચૂકવણું કર્યા બાદ પાછળથી તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર થઇ શકશે નહિ. જેની ખાસ નોંધ લેવા વિનંતી છે. <u>**જિલ્લાની ઓનલાઇન પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની બાકી રહેલ કામગીરી પણ આપના સહકારની અપેક્ષા સહ નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા આપને આજ્ઞાનુસાર વિનંતી છે.**</u>

પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ (ધો.૧૧ થી કોલેજ કક્ષા સુધી) માટે શાળા/સંસ્થા/કોલેજ/આઇ.ટી.આઇ. એ દરરોજ લોગીન કરી પોતાના લોગીનમાં Post Metric Pending Application માં આવેલ તમામ વિદ્યાર્થીઓની અરજી જરૂરી આધાર-પુરાવા સહિત મેળવી ONLINE VERIFICATION કરી ઓનલાઇન અરજી APPROVE/RETUTN કરવાની રહેશે અને Post Metric Send Application માં આવેલ તમામ ઓનલાઇન અરજીઓ SELECT કરી OTP આપી HIGHER AUTHORITYને SEND કરવાની રહેશે.

ભારત સરકારની ઓ.બી.સી. ના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ **(OBC-4),** ડૉ. આંબેડકર આર્થિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ, ડૉ. આંબેડકર વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અમલમાં છે. ભારત સરકારની આ ૩ (ત્રણ) શિષ્યવૃત્તિ યોજનાઓની જગ્યાએ PM Young Achievers Scholarship Award Scheme for Vibrant India (PM YASASVI) for OBC & Others વર્ષ:૨૦૨૧-૨૨ માં અમલ થવાનો હોય, વર્ષ:૨૦૧૭-૧૮ થી ૨૦૨૦-૨૧ સુધીના વર્ષમાં કોઇપણ વિદ્યાર્થીની દરખાસ્ત પડતર કે ચૂકવણું કર્યા વગર રહી ન જાય તેની ખાસ તકેદારી રાખવી.

તા.૩૧/૦૭/૨૦૨૧ બાદ શાળા/સંસ્થા/કોલેજના લોગીનમાં સા.શૈ.પ.વ./આ.પ.વ./લઘુમતિ/વિચરતી અને વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓ કોઇ કારણસર **DIGITAL GUJARAT PORTAL** ની ઓનલાઇન અરજી **HIGHER AUTHORITY** ને **SEND** નહિ કરી શકે અને/અથવા આપ આપની શાળા/સંસ્થા/કોલેજ ના લોગીનમાં વિદ્યાર્થીઓની અરજીઓ ઓનલાઇન પડતર રહેશે અને તેઓ શિષ્યવૃત્તિથી વંચિત રહી જશે તો ઉક્ત બાબતે ભવિષ્યમાં ઉપસ્થિત થનાર તમામ પ્રશ્નોની જવાબદારી શાળા/સંસ્થા/કોલેજના આચાર્યશ્રીની રહેશે. જેની ખાસ નોંધ લેવી.

કોવિડ-૧૯ મહામારી અંતર્ગત સરકારશ્રી દ્વારા વખતોવખત આપવામાં આવેલ સુચનાઓને ધ્યાનમાં રાખી તમામ કામગીરી કરવાની રહેશે.

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ, સુરત

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
સુરત

નકલ સવિનય જાણ સારૂ રવાના :-

(૧) માનનીય નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતું,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

નકલ સવિનય જાણ તથા ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ :-

(૧) માનનીય કુલપતિશ્રી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી,પો.બો.નં.૪૯, ઉધના-મગદલ્લા રોડ, સુરત.

(૨) માનનીય જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત